Seat No. : _______________

# TM-106

**M.A. Sem.-I**

**May-2013**

## 401 : Sanskrit

**अभिज्ञान शाकुन्तलम्**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (૧) જમણી બાજુના આંકડા Marks સૂચવે છે.
(૨) પ્રશ્નપત્રનો ક્રમાંક જ ઉત્તરવહીમાં લખો.

૧. (અ) નીચેનામાંથી ગમે તે **એક** યુગ્મનું ભાષાન્તર કરો : ૭

(१) ग्रीवाभङ्गाभिरामं मुहुरनुपतति स्यन्दने बद्धदृष्टिः
पश्चार्धेन प्रविष्टः शरपतनभयादभूयसा पूर्वकायम् ।
दर्भैरधावलीढैः श्रमविवृतमुखभ्रंशिभिः कीर्णवर्त्मा
पश्योदग्रप्लुतत्वाद्वियति बहुतरं स्तोकमुर्व्यां प्रयाति ।।

(२) पातुं न प्रथमं व्यवस्यति जलं युष्मास्वपीतेषु या
नादत्ते प्रियमण्डनापि भवतां स्नेहेन या पल्लवम् ।
आद्ये वः कुसुमप्रसूतिसमये यस्या भवत्युत्सवः
सेयं याति शकुन्तला पतिगृहं सर्वैरनुज्ञायताम् ।।

**અથવા**

(१) मेदच्छेदकृशोदरं लघु भवत्युत्थानयोग्यं वपुः
सत्त्वानामपि लक्ष्यते विकृतिमच्चितं भयक्रोधयोः ।
उत्कर्षः स च धन्विनां यदिषवः सिध्यन्त लक्ष्ये चले
मिथ्यैव व्यसनं वदन्ति मृगयामीदृगविनोदः कुतः ।।

(२) रम्यं द्वेष्टि यथा पुरा प्रकृतिभिर्न प्रत्यहं सेव्यते
शय्याप्रान्तविवर्तनैर्विगमयत्युन्निद्र एव क्षपाः ।
दाक्षिण्येन ददाति वाचमुचितामन्तः पुरेभ्यो यदा
गोत्रेषु स्खलितस्तदा भवति व्रीडाविलक्षश्चिरम् ।।

(બ) સસન્દર્ભ સમજાવો : (ગમે તે **બે**) ૪

(१) सतां हि सन्देहपदेषु वस्तुषु प्रमाणमन्तः करणप्रवृत्तयः ।

(२) विवक्षितं ह्यनुक्तमनुतापं जनयति ।

(३) शकुन्तलावण्यं प्रेक्षस्व ।

(४) वत्स ते भागधेयानि पृच्छ ।

(ક) **એક** વાક્યમાં જવાબ લખો : ૩

(૧) 'अभिज्ञान शाकुन्तलम्' નાટકના નાન્દી શ્લોકમાં કયા દેવની સ્તુતિ કરવામાં આવી છે ?

(૨) કામપીડિત રાજાને કઈ નદીના તરંગોથી શાતા વળે છે ?

(૩) આકાશમાંથી કોનું આગમન થાય છે ? તેની પાસે કઈ શક્તિ છે ?

૨. (અ) 'अभिज्ञान शाकुन्तलम्' ની બંગાળી વાચનાનો પરિચય આપો. ૭

**અથવા**

'अभिज्ञान शाकुन्तलम्' ની કાશ્મીરી વાચનાની વિશેષતાઓ જણાવો.

(બ) નીચેનામાંથી ગમે તે **બે**ના ટૂંકમાં ઉત્તર લખો : ૪

(૧) નાટ્યકૃતિનો વિસ્તાર કયા કારણથી થાય છે ?

(૨) 'अभिज्ञान शाकुन्तलम्' ના ભરત વાક્યમાં કયા પાઠાન્તર મળે છે ?

(૩) 'अभिज्ञान शाकुन्तलम्' ની કેટલી ટીકાઓ ઉપલબ્ધ છે ?

(ક) નીચેના પ્રશ્નોનાં જવાબ લખો : ૩

(૧) पुष्पराशौ ની જગ્યાએ બીજું કયું પાઠાન્તર મળે છે ?

(૨) પ્રક્ષેપ કોને કહેવાય ?

(૩) પાઠભેદ કયા કારણથી અસ્તિત્વમાં આવે છે ?

૩. (અ) 'શકુન્તલા પ્રત્યાખ્યાન પ્રસંગ ઉત્તમ હૃદયસ્પર્શી પ્રસંગ છે.' – સમજાવો. ૭

**અથવા**

'अभिज्ञान शाकुन्तलम्' ના છઠ્ઠા અંકના વિપ્રલમ્ભ શૃંગારને ટૂંકમાં વર્ણવો.

(બ) નીચેનામાંથી ગમે તે **બે** ના ટૂંકમાં જવાબ લખો : ૪

(૧) 'अभिज्ञान शाकुन्तलम्' નાટકના પ્રથમ અંકમાં હાસ્ય નિરૂપણ કયા પ્રસંગમાં છે ?

(૨) હંસપદિકાનું ગીત કયા અંકમાં આવે છે ? તેનું પ્રયોજન શું છે ?

(૩) કણ્વઋષિની અનુપસ્થિતિથી વેગ પામતાં બે પ્રસંગના નામ લખો.

(૪) શકુન્તલા શા માટે મહર્ષિ દુર્વાસાના શાપનો ભોગ થઈ પડે છે ?

(ક) નીચેના પ્રશ્નોના જવાબ **એક** વાક્યમાં લખો : ૩

(૧) अपि तपो वर्धते ? - એટલે શું ?

(૨) 'अभिज्ञान' ના અર્થો લખો.

(૩) દુષ્યન્તે શકુન્તલા માટે વાપરેલી ગમે તે બે ઉપમા લખો.

૪. (અ) 'अभिज्ञान शाकुन्तलम्' નાટકની મૂળકથા વર્ણવી કવિ કાલિદાસે તેમાં કરેલા ફેરફારની ચર્ચા કરો. ૭

**અથવા**

મહાભારતની કથા અને અભિજ્ઞાન શાકુન્તલ નાટકની કથાની તુલના કરો.

(બ) નીચેનામાંથી ગમે તે **બે** ના જવાબ લખો : ૪

(૧) अभिज्ञान शाकुन्तलम् ની કથાનું નિરૂપણ મહાભારતના કયા પર્વમાં જોવા મળે છે ?

(૨) મૂળ મહાભારતમાં ન હોય તેવા ગૌણ પાત્રો કવિ કાલિદાસે કયા કયા સર્જ્યા છે ?

(૩) મૂળ મહાભારતમાં અને અભિજ્ઞાન શાકુન્તલ નાટકમાં સમાન હોય તેવા બે પાત્રોના નામ લખો.

(૪) માતલિ પ્રસંગની શી અગત્યતા છે ?

(ક) નીચેના પ્રશ્નોના જવાબ **એક** વાક્યમાં લખો : ૩

(૧) સાનુમતી પ્રસંગ કયા અંકમાં આવે છે ?

(૨) મહાભારત સિવાય અન્ય કયા પુરાણમાં અભિજ્ઞાન શાકુન્તલની કથા જોવા મળે છે ?

(૩) શકુન્તલા અને દુષ્યન્તનું પુનર્મિલન કયા અંકમાં થાય છે ?

૫. નીચેના પ્રશ્નોના જવાબ **એક** કે **બે** વાક્યોમાં લખો : **૧૪**

(૧) કાલિદાસના ત્રણ નાટકોના વિદૂષકનું નામ લખો.

(૨) રાજા પુરૂરવા અને રાજા અગ્નિમિત્ર કયા નાટકના નાયકો છે ?

(૩) અભિજ્ઞાન શાકુન્તલ નાટકના ભરત વાક્યમાં કવિએ પોતાને માટે શું માંગ્યું છે ?

(૪) કાલિદાસની કઈ નાયિકા કયા નાટકમાં વેલીમાં ફેરવાય છે ?

(૫) અભિજ્ઞાન શાકુન્તલ અને વિક્રમોર્વશીયની નાયિકાઓ અને સખીઓના નામ લખો.

(૬) સર્વ દમનનો અર્થ લખો. જે કયા રાજા તરીકે વિખ્યાત થયો ?

(૭) પ્રકૃતિનું પાત્ર તરીકેનું નિરૂપણ કાલિદાસના કયા નાટકમાં છે ?

---